# PRESS NOTE – 5th Educator's Award 2018-19

સમગ્ર સમાજ અને વિશ્વમાં પરિવર્તન લાવવા માટેનું સૌથી શક્તિશાળી શસ્ત્ર શિક્ષણ છે. શિક્ષણ એ ફક્ત માહિતી ભણાવવાની પ્રક્રિયા નથી પરંતુ તે મન, મગજ ને નવીનતા થી, સર્જનાત્મક અને વિવેચનાત્મક રીતે વિચાર કરવા માટેની તાલીમ આપતું સાધન છે. બૌધ્ધિકતા સાથે ચારિત્ર્ય તે જ સાચા શિક્ષણનો ધ્યેય છે. શિક્ષણ એ જીવન માટેની તૈયારી નથી, શિક્ષણ પોતે જ જીવન છે.

'ધી ઓપન પેજ' એ સમાજ માટેનું માસિક, શૈક્ષણિક મેગેઝીન છે. અને હાલની શાળાઓ અને શૈક્ષણિક પદ્ધતિઓનું પ્રતિબિંબ છે. 'ધી ઓપન પેજ' એ બાળકો માટેનું, બાળકો દ્વારા અને શિક્ષકો માટેનું, શિક્ષકો દ્વારા પ્રકાશિત થતું મેગેઝીન છે. સૌ પ્રથમ ૫ સપ્ટેમ્બર ૨૦૦૦માં પ્રકાશિત થયેલ આ મેગેઝીન સતત ૧૮ વર્ષથી અવિરત સેવા આપી રહ્યું છે. આજે આશરે ૩૫૦૦ શાળાઓમાં ૧૫૦૦૦ નકલ સાથે તેનું વિસ્તરણ થયેલ છે. આ મેગેઝીન ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છાપવામાં આવે છે. આ પ્રકાશન શાળા શિક્ષણ જગતમાં ઉદ્ભવતા પ્રયત્નો, બનાવોના આદાન-પ્રદાન અને અભિવ્યક્તિ માટે સામાન્ય મંચ પૂરૂ પાડે છે.

૧૮ વર્ષની યાત્રા દરમિયાન, શિક્ષકો એ શિક્ષણના વિવિધ ક્ષેત્રે કરેલ ઉત્તમ કાર્ય પ્રકાશમાં આવ્યા (દષ્ટિગોચર થયા) નિસ્વાર્થ ભાવે ગુણવત્તા સુધારવા માટે કામ કરતા, નવીન કેડી કંડારતાં ને ઓળખવામાં આવ્યા નહીં કે તેમની કદર કરવામાં આવી ન હતી. એટલા માટે જ આવા સર્જનશીલ અને નવીન પ્રયત્નો ને ઓળખવા માટેનું મંચ તૈયાર કરવાની જરૂરિયાત અનુભવાઈ અને ૨૦૧૪-૧૫માં ચાર વર્ષ પહેલા એડ્યુકેટર્સ એવોર્ડની પ્રથમ આવૃત્તિની જાહેરાત અને આયોજન અમદાવાદમાં થયું. દ્વિતીય એવોર્ડ સમારંભ ૨૦૧૫-૧૬માં રાજકોટ ખાતે યોજ્યો, ત્રીજો એવોર્ડ સમારંભ ૨૦૧૬-૧૭ સુરત ખાતે અને ચોથો એવોર્ડ સમારંભ ૨૦૧૭-૧૮ બરોડા ખાતે યોજવામાં આવ્યો હતો.

આ વર્ષે સમારંભના યજમાન મહેસાણાની પ્રખ્યાત શિક્ષણ સંસ્થા શંકુસ ડિવાઈન્ડ ચાઇલ્ડ સ્કૂલ્સ છે. જુદા જુદા શહેરોમાં એવોર્ડ સમારંભ કરવા પાછળનો હેતુ એ છે કે એવોર્ડની પ્રસિદ્ધિ કરવી અને વધુ ને વધુ શિક્ષકો નામાંકન કરી પોતાના કાર્ય ને પ્રદર્શિત કરે.

આ વર્ષે ૧૧ વિભાગો માટે એવોર્ડ રાખવામાં આવેલ છે. સંચાલન કાર્ય અને સંસ્કૃત શિક્ષકોના કાર્યને ઉત્તેજન આપવાના હેતુથી નવા બે વિભાગો ઉમેરવામાં આવ્યા છે. ૧૧ વિભાગો નીચે મુજબ છે.

૧. પ્રિ.સ્કુલ એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૨. પ્રાથમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૩. માધ્યમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૪. ડિપ્લોમા, ઉચ્ચતર માધ્યમિક શાળા એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૫. આચાર્ય ઓફ ધી ઈયર એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૬. શિક્ષક એડ્યુકેટર એવોર્ડ (બી.એડ, પી.ટી.સી.)
૭. સામાજિક સેવા (શૈક્ષણિક) એડ્યુકેટર એવોર્ડ
૮. વિશિષ્ટ (અસમર્થ બાળકોના શિક્ષકો) એજ્યુકેશન એડ્યુકેટર શિક્ષક એવોર્ડ
૯. વાલી શૈક્ષણિક એડ્યુકેટર એવોર્ડ
૧૦. સંચાલક એડ્યુકેટર એવોર્ડ
૧૧. સંસ્કૃત પાઠશાળાના શિક્ષક, સંસ્થા એવોર્ડ

પસંદગી પ્રક્રિયા પારદર્શક છે અને તેને ચાર તબક્કામાં વહેચવામાં આવી છે. પ્રથમ તબક્કામાં શાળા પોતે શિક્ષકોનું નામાંકન કરે છે. અમારી પાસે ટોર્ચ બેરર્સની સંકલ્પના છે. આ વર્ષે પોતાના જિલ્લાઓનું પ્રતિનિધત્વ કરતાં ૯૫ કરતા પણ વધુ ટોર્ચ બેરર્સ શાળાએ

નામાંકિત કરેલ શિક્ષકના કાર્યનું મૂલ્યાંકન કરી તેને મંજૂરી આપી છે. તેઓના રિપોર્ટ તે પસંદગી પ્રક્રિયાનો દ્વિતીય તબક્કો છે. ત્રીજા તબક્કામાં, રજૂઆત અને પ્રાપ્ત પ્રતિભાવના આધારે સિમિત નામાંકિત વ્યક્તિઓની યાદી બનાવે છે. દરેક વિભાગ માટે આ રીતે યાદી તૈયાર કરવામાં આવે છે. એવોર્ડ સમારંભના આગળના દિવસે ઉપર મુજબ પસંદગી કરાયેલ ઉમેદવારોને સ્થળ પર તેમની રજૂઆત દર્શાવવા બોલવવામાં આવે છે. દરેક વિભાગ દીઠ ત્રણ જ્યુરી સભ્યોની પેનલ જે જાણીતા અને અનુભવી શિક્ષણવિદ્ોની છે તેઓ રજૂઆત અને ઈન્ટરવ્યૂના આધારે વિજેતાની પસંદગી કરે છે.

નામાંકન રજૂ કરવાની છેલ્લી (અંતિમ) તારીખ ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ છે. 'ધી ઓપન પેજ' ગુજરાતની લગભગ ૧૦૦૦ શાળાઓ સાથે આ પ્રકારની પહેલ માટે સંકળાયેલ છે. જ્યુરી સભ્યો ખૂબ જ પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રીઓ છે.

તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ એવોર્ડ સમારંભ મહેસાણા ખાતે યોજવામાં આવશે.

અમારા (આ) હેતુ ને સિદ્ધ કરવા અમો એ ચાર મુખ્ય શહેરો - અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે પ્રેસ નોટ પ્રદર્શિત કરેલ છે. નામાંકન ફોર્મ માટે, અન્ય કોઈ પ્રશ્ન માટે કે ધંધાકીય વિચાર વિમર્શ માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

'ધી ઓપન પેજ' ૪થો માળ, વિશ્વ આર્કેડ કોમ્પલેક્ષ, કુમકુમ પાર્ટી પ્લોટ પાસે, અખબારનગર ચારરસ્તા, નવાવાડજ અમદાવાદ ૩૮૦૦૧૩, ફોન નં.: ૦૭૯-૨૭૬૨૧૩૮૫૫૮૬ મો. ૯૮૨૫૫૦૯૫૧૬, ૯૫૮૬૦૨૨૨૧૦, ૯૩૭૫૦ ૩૫૦૬૦
Email: educatorsaward@gmail.com; Website: http://www.educatorsaward.com

અમે 'ધી ઓપન પેજ'ની ટીમનો અભિપ્રાય છે કે શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો દ્વારા થતાં સારા કાર્યોનો શિક્ષણ સુધારણા અને અધ્યયન ક્ષમતાઓને ઓળખવાની જરૂરિયાત છે. એડ્યુકેટર્સ એવોર્ડ આ દિશામાં થયેલ એક પ્રયાસ માત્ર છે. દરેક ને આ ઉમદા કાર્યમાં જોડાવા અમારી વિનંતી છે. અને ચાલો શિક્ષકોની સાથે મળીને સિદ્ધિઓને બિરદાવીએ.